**By E-Mail** ક્રમાંક:જમન/૨૯-બી/બ/૪૯૮૫-૮૭/૨૦૧૬-૧૭,

અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય.

અરણ્ય ભવન, ચ-3 સર્કલ નજીક,
સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે,
સેક્ટર-૧૦-એ, એ-વીંગ, ૩જો માળ,
ગાંધીનગર, તા.:૨૨/૦૮/૨૦૧૬.

વિષય:- Diversion of 8.6779 ha. of Protected & Reserved Forest land for construction of distribution Network of Dhangadhra Branch canal At.Rajgadh, Dhangadhra, Isadra & Village Mangalpur, Halvad, Dist.Sundranagar.

સંદર્ભ:- **આપના પત્ર ક્રમાંક** : અ/જમન/ટે.૧૨/૧૬૪૫-૪૬/૨૦૧૬-૧૭, તા.૦૫-૦૮-૨૦૧૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્રથી વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળની કાર્યપાલક ઇજનેરશ્રી સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલ ડીવીઝન નંબર-૫/૧ ૮.૬૭૭૯ હેક. ની દરખાસ્ત અત્રે સાદર કરવામાં આવેલ છે. સદરહુ દરખાસ્તની અત્રેથી ચકાસણી કરવામાં આવતા તેમાં અધુરાશ જણાય છે. તેથી તેની પૂર્તતા પૂર્ણ કરી અત્રે ચાર(૪) પ્રતમાં સાદર કરવા વિનંતી છે.

(૧) એનેક્ષર-૧૭ મુજબ ભારત સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ સાઇટ ઇન્સપેકશન રીપોર્ટનો નમુનો અત્રેના પત્ર ક્રમાંક : જમન/૨૯-બી/બ/૧૯૭૧-૨૦૪૦/૨૦૧૬-૧૭, તા.૦૧-૦૬-૨૦૧૬ થી મોકલવામાં આવેલ છે. તે નમુના મુજબ સાઇટ ઇન્સપેશન રીપોર્ટ તૈયાર કરવામાં આવેલ નથી તેથી તે મુજબ તૈયાર કરી રજુ કરવો.

(૨) એનેક્ષર-૨૫ મુજબ માંગણીવાળો વન વિસ્તાર નજીકના વન્યપ્રાણી રક્ષિત વિસ્તાર (રાષ્ટ્રીય ઉદ્યાન/અભયારણ્ય/કન્ઝર્વેશન રીઝર્વ/કોમ્યુનીટી રીઝર્વ) થી કેટલા કિ.મી. દૂર આવેલ છે તે અંગેનું નાયબ વન સંરક્ષકશ્રીનું પ્રમાણપત્ર રજુ કરેલ છે. જે જોતા દરખાસ્તમાં કુલ ૧ થી ૧૦ ગામોના વન વિસ્તારથી ધુડખર અભયારણ્ય ધાંગધ્રાથી અંતર દર્શાવેલ છે તેમાં અમુક ગામોના વન વિસ્તારથી અંતર ૧૦ કિ.મી.થી અંદર આવે છે તો આવા વન વિસ્તાર બાબતે ચીફ વાઇલ્ડ લાઇફ વોર્ડનશ્રીનો અભિપ્રાય મેળવવાનો થાય છે તેથી અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્ય પ્રાણી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : WLP/32/B/9529-93/2011-12/તા.૧૩-૦૨-૨૦૧૨ થી આપવામાં આવેલ સુચના મુજબ જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી ચીફ વાઇલ્ડ લાઇફ વોર્ડનશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરનું પ્રમાણપત્ર દરખાસ્તમાં રજુ કરવું તથા આ સાથે પત્રકમાં માહિતી રજુ કરવી.

| સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલ પસાર કરવાના કામે માંગણી કરેલ વન વિસ્તારોની નજીકના અભયારણ્ય સુધીનું અંતર કિ.મી.માં દર્શાવતું પત્રક | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અ.નં. | જિલ્લો | તાલુકો | ગામ | સ.નં. | માંગણી કરેલ વન વિસ્તાર (હે.આર) | નજીકના અભયારણ્યની અંતર કિ.મી.માં તથા અભયારણ્યનું નામ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |
| ૩ | | | | | | |
| ૪ | | | | | | |
| ૫ | | | | | | |
| ૬ | | | | | | |
| ૭ | | | | | | |
| ૮ | | | | | | |
| ૯ | | | | | | |
| ૧૦ | | | | | | |
| કુલ વન વિસ્તાર | | | | | | |

(૩) ઇ-પોર્ટલ ઉપર પાર્ટ-I માં કોસ્ટ બેનીફીટ એનાલીસીસ નિયત નમુનામાં અપલોડ કરેલ નથી.

(૪) પાર્ટ-II માં નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા કરવામાં આવેલ સાઇટ ઇન્સપેકશન રીપોર્ટ જુના નમુના મુજબ અપલોડ કરેલ છે, તેથી ભારત સરકારશ્રી દ્વારા નિયત કરેલ નવા નમુનામાં સાઇટ ઇન્સપેકશન રીપોર્ટ તૈયાર કરી અપલોડ કરવો.

(અક્ષય.કે.સકસેના)
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
જમીન
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,
**મુખ્ય વન સંરક્ષકશ્રી,**
જુનાગઢ વન વર્તુળ. જુનાગઢ.

**નકલ રવાના :** નાયબ વન સંરક્ષકશ્રી, સુરેન્દ્રનગર વન વિભાગ તરફ જાણ તથા જરૂરી ઘટીત કાર્યવાહી થવા સારૂ.

**નકલ જયભારત સહ રવાના :** કાર્યપાલક ઇજનેરશ્રી, સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલ, ડીવીઝન નંબર-૫/૧, ધાંગધ્રા તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.